RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 100, Dt.06-07-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અયોધ્યાની જેમ ગુજરાતમાં પણ હારશે ભાજપઃ રાહુલનો હુંકાર



## પિડીત પરિવારોના દુઃખ દર્દમાં ભાગીદાર બનતા રાહુલ ગાંધીઃ ગાંધીજીની કોંગ્રેસ ગુજરાતથી જ ઉભી થઈ હતી અને તેનું નવસર્જન પણ અહીંથી કરીશુંઃ મોદીના વિકાસનો ફુગ્ગો ફુટી ગયો છે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આજે ૬ જુલાઈએ રાહુલ ગાંધી ગુજરાતની મુલાકાતે આવ્યા છે. ગુજરાતની મુલાકાત દરમિયાન તેઓ સૌપ્રથમ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન ખાતે આવવા એરપોર્ટથી રવાના થયા છે. અહીં તેઓ રાજકોટ અગ્નિકાંડ, વડોદરા બોટકાંડ અને મોરબી બ્રિજ દુર્ઘટનાના પીડિત પરિવારો સાથે વાતચીત કરશે. તેમજ અહીં કાર્યકરોને સંબોધશે. જેને લઈને કોંગ્રેસના કાર્યાલય પર કાર્યકરો ઊમટ્યા છે. સુરક્ષાને લઈને કોંગ્રેસ કાર્યાલય ખાતે પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

રાજકોટ અને વડોદરાની ઘટનાના પીડિતોના પરિવારોને મળવા માટે રાહુલ ગાંધી કોંગ્રેસ કાર્યાલયના પહેલા માળે પહોંચ્યા છે. જો કે, કોઈને પણ કાર્યાલયના પ્રથમ માળે જવા દેવામાં આવી રહ્યા નથી.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે, તમે કોંગ્રેસ પાર્ટીને જાણો છો... જાણો છોને? આપણી પાર્ટીમાં કોઈ ડરે છે? આપણી પાર્ટીમાં દિલથી વાત કરી દે છે. મારા રૂમમાં આવીને લોકો કહે છે કે, રાહુલજી તમે જે કર્યું એ બરાબર નથી કર્યું એટલે હું કહું છું કે, તમે સાચું કહો છો. અમારાથી કાર્યકર ડરતો નથી. હું રિયાલિટી બતાવું છું. ભાજપમાં નરેન્દ્ર મોદી બેઠા છે અને તેની સામે તેમની આખી ટીમ બેઠી છે. તેમાંથી કોઈ નરેન્દ્ર મોદીને ઇચ્છતા નથી. પરંતુ દમ નથી, ડરે છે. જો નરેન્દ્ર મોદી જેવો લીડર કોંગ્રેસમાં હોત તો આખી કોંગ્રેસ પાર્ટી ઉભી થઈ જાય અને કહી દે હટો અહીંથી, એમના કાર્યકરોમાં દમ જ નથી. તમે જોવોને એક વ્યક્તિ ઉભો છે અને બધાની હવા નીકળી ગઈ. કાર્યકરોની હવા નીકળી ગઈ, આરએસએસની હવા નીકળી ગઈ. તમામ નેતાઓની હવા નીકળી ગઈ. આપણો નાનામા નાનો કાર્યકર આવે તો ટાઈગર હોય છે અને રાહુલ ગાંધી સામે આવીને કહે છે કે, અમારા દિલમાં આ વાત છે. આ છે કોંગ્રેસ પાર્ટી. આરએસએસ વાળા અંગ્રેજો સાથે ઉભા રહી ગયા હતા અમે લડ્યા હતા. દેશને અમે કહ્યું હતું કે, ડરો નહીં અને ભાજપ વાળાએ હાથ જોડી કહ્યું હતું ભાઈ અમે ડરી ગયા. ડરની ભાવના તમારામાં નહીં એમનામાં છે. કોંગ્રેસ ગુજરાતમાં જીતશે અને ગુજરાતમાંથી જ નવી કોંગ્રેસ પાર્ટી બનશે. કોંગ્રેસ પાર્ટી બની ક્યાંથી? આપણા સૌથી મોટા નેતા જેમણે રસ્તો બતાવ્યો હતો. તમે શું વિચારો છો અંગ્રેજો હતા ત્યારે ડર નહોતો.

## ભોલેબાબા પાસે અધધધ રૂા.૧૦૦ કરોડથી પણ વધુની સંપતિઃ ઉત્તર પ્રદેશના અનેક જિલ્લાઓમાં ભવ્ય અને આલિશાન આશ્રમ

**મુખ્ય સમાચાર, હાથરસ**



ઉત્તર પ્રદેશના હાથરસમાં ભોલે બાબાના સત્સંગમાં થયેલી ધક્કામુક્કીમાં ૧૨૧થી વધુ લોકોનાં મોત થયાં છે. કેટલાય લોકોનાં ઘર આ ભાગદોડમાં ઊજડી ગયા છે. ભોલે બાબાનું સત્સંગ મેદાન લોકો માટે કબ્રસ્તાન બની ગયું છે. આ દુર્ઘટના પછી ભોલે બાબા ફરાર છે. હવે ભોલે બાબાની સંપત્તિ પર મોટી માહિતી સામે આવી છે.

અહેવાલ અનુસાર ભોલે બાબાના આશ્રમો, ચેરિટેબલ ટ્રસ્ટને આધારે સંપત્તિનું આકલન કરવામાં આવ્યું છે. બાબાના રૂમ્ના અનેક જિલ્લામાં મોટા અને ભવ્ય આલીશાન આશ્રમ છે. ટ્રસ્ટને નામે મૈનપુરી, કાસગંજ, આગ્રા, કાનપુર અને ગ્વાલિયરમાં કેટલાય મોટા આશ્રમ છે. બાબાની પાસે રૂ. ૧૦૦ કરોડથી વધુની ચલ-અસલ સંપત્તિ છે.

મૈનપુરીનો એ આશ્રમ બાબાના નામ પર નથી. એને રામ કુટિર ચેરિટેબલ ટ્રસ્ટે બનાવ્યો છે. કહેવામાં આવે છે કે ૨૦૦ લોકોએ એના માટે દાન કર્યું છે. આશ્રમમાં સૌથી વધુ દાન રૂ. ૨.૫૦ લાખ અને સૌથી ઓછું દાન રૂ. ૧૦,૦૦૦ બતાવવામાં આવ્યું છે.

આશ્રમની સામે ૫૦ વીઘાની જમીન ભોલે બાબાએ લીઝ પર લઈ રાખી છે. બહાદુરનગરનો આશ્રમ આશરે ૪૦ વીઘામાં ફેલાયેલો છે. એ સિવાય કેટલીય ધર્મશાળા પણ છે. આ સિવાય નારાયણ સાકાર હરિ ચેરિટેબલ ટ્રસ્ટને નામે સેંકડો વીઘા જમીન છે. ભોલે બાબાના ભક્તોને નામે આશરે અનેક લક્ઝરી ગાડીઓ છે.

કાનપુરના બિધનુ અલાકેના કસુઈ ગામમાં બાબાનો એક આશ્રમ છે, જે ત્રણ વીઘા જમીન છે. ઇટાવામાં ૧૫ વીઘા જમીનમાં બાબાનો આશ્રમ છે. નોએડા સેક્ટર ૮૭ ઇલાબાંસ ગામમાં બાબાનો આલીશાન આશ્રમ બનેલો છે. પશ્ચિમી ગડ સહિત રાજ્યમાં કુલ ૨૪ આશ્રમ બાબાએ બનાવી રખ્યો છે. દરેક જિલ્લામાં ટ્રસ્ટ અને ટ્રસ્ટે કમિટી બનાવી રાખી છે. આ કમિટી સત્સંગનું આયોજન કરાવે છે.

## ખરાબ હવામાનને કારણે અમરનાથ યાત્રા રોકી દેવાઈઃ ભારે વરસાદને પગલે દેશના અનેક રાજ્યોમાં આફત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



ચોમાસાના ભારે વરસાદથી સમગ્ર દેશમાં ખરાબ હાલત છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં તો વાદળ આફત બનીને વરસી રહ્યાં છે. જમ્મુ-કાશ્મીરમાં પણ ચોમાસું દસ્તક આપવા લાગ્યું છે, જેની સૌથી પહેલી અસર અમરનાથ યાત્રા પર પડી. ખરાબ હવામાનના કારણે અમરનાથ યાત્રા રોકી દેવાઈ છે. જમ્મુ પોલીસે એડવાઈઝરી જાહેર કરી છે.

ઉત્તરાખંડના ચમોલીમાં આજે બદ્રીનાથ નેશનલ હાઈવે પર ભૂસ્ખલન થયું, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો. હિમાચલ પ્રદેશમાં ગત રાત્રે મનાલી-લેહ હાઈવે પર ફ્લેશ ફ્લડ થયું, જેની ચપેટમાં ઘણા વાહન આવી ગયા. હવામાન વિભાગે ૧૦ જુલાઈ સુધી ત્રણેય રાજ્યોમાં ભારે વરસાદ પડવાનું એલર્ટ જારી કર્યું છે. દરમિયાન લોકોને અપીલ છે કે તેઓ આ ત્રણ રાજ્યોની ટ્રિપ પર ન જાય અને ખરાબ હવામાનથી પોતાનો બચાવ કરે.

ખરાબ હવામાન અને વરસાદની સ્થિતિને જોતાં જમ્મુ કાશ્મીર પોલીસે અમરનાથ યાત્રીઓ માટે ખાસ એડવાઈઝરી જારી કરી છે. એડવાઈઝરી અનુસાર અમરનાથ યાત્રી નેશનલ હાઈવે-૪૪ પર સફર કરતી વખતે બપોરે એક વાગ્યા સુધી જિખૈની ઉધમપુર, ૨ વાગ્યા સુધી ચંદ્રકોટ રામબન અને ૩ વાગ્યા સુધી બનિહાલને પાર કરી શકે છે. જે બાદ આ વિસ્તારોમાં જવાની પરવાનગી મળશે નહીં. જો કોઈ કારણથી રસ્તો પાર ન કરી શકો તો વાહન જ્યાં હશે ત્યાં રોકી દેવામાં આવશે અને પછી આગલા દિવસે જ આગળ જવાની પરવાનગી મળશે.

રામગંગા, કોકિલા અને બહુલાનું જળસ્તર વધી ચૂક્યું છે. બદ્રીનાથ ગંગોત્રી હાઈવે સહિત સમગ્ર રાજ્યમાં લગભગ ૧૦૦થી વધુ માર્ગો બ્લોક છે. હવામાન વિભાગે સમગ્ર પ્રદેશમાં ભારે વરસાદ પડવાનું રેડ એલર્ટ જારી કર્યું છે. જેના કારણે સ્કુલ અને ઓફિસ બંધ કરી દેવાઈ છે. ચારધામ યાત્રાળુઓને જ્યાં છે ત્યાં જ રોકાવાનો આદેશ છે.

હિમાચલ પ્રદેશ માટે હવામાન વિભાગે વરસાદનું ઓરેન્જ એલર્ટ આપ્યું છે. પ્રદેશના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદથી ફ્લેશ ફ્લડ અને ભૂસ્ખલનની ઘટનાઓ થઈ રહી છે. ગત રાત્રે લાહોલ-સ્પીતિમાં મનાલી-લેહ હાઈવે પર જિંગજિંગબારમાં પૂર આવ્યું. હાઈવે પર ઊભેલા ટ્રક અને બાઈક કાટમાળની ચપેટમાં આવી ગયા. કમાંડિંગ ઓફિસર મેજર રવિ શંકરે ઘટનાની પુષ્ટિ કરી અને કહ્યું કે પૂર આવવાથી મનાલી-લેહ નેશનલ હાઈવે બંધ કરી દેવાયો છે.

શિમલામાં વરસાદનું પાણી ઘરમાં ઘૂસી ગયું છે. રસ્તા પર કાટમાળ, પથ્થર અને વૃક્ષ પડેલા છે. ૭૦થી વધુ માર્ગો બ્લોક છે. ૨૦૦થી વધુ વિજળીના ટ્રાન્સફોર્મર ઠપ છે. પીવાના પાણીની યોજનાઓ કાંપથી ભરેલી છે. હવામાન વિભાગે ૬ જિલ્લા મંડી, શિમલા, સિરમોર, કાંગડા, કુલ્લૂ અને કિન્નોરમાં પૂર આવવાની ચેતવણી આપી છે. લોકોને નદીઓ અને નાળાથી દૂર રહેવાની સલાહ છે. લાહોલ સ્પીતિ સિવાય અન્ય પ્રદેશમાં વાવાઝોડું આવવાની શક્યતા છે.

## દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યોઃ નવસારી અને ધરમપુરમાં મેઘરાજાનું દે ધનાધન

**મુખ્ય સમાચાર, રાજકોટ**



હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસની આગાહી કરવામાં આવી છે, જે અનુસાર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં ઝડપી ગતિથી પવન ફૂંકાવાની શક્યતાને પગલે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. બીજી તરફ ગઈકાલે રાજયના દક્ષિણભાગના જિલ્લાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ત્યારે આજે પણ નવસારી, વલસાડ જિલ્લામાં વરસાદ વરસ્યો છે. તેમજ આજે સવારે જાફરાબાદના દરિયા કાંઠે ભારે કરંટ જોવા મળ્યો હતો. રાજ્યમાં આજે સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં ૨૫ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સોથી વધુ ધરમપુરમાં સવા ઈંચ વરસાદ વરસ્યો છે. દક્ષિણ ગુજરાતમાં વરસી રહેલા ધોધમાર વરસાદના કારણે ડાંગ, સાપુતારા વિસ્તારમાં ઝરણા અને ધોધ વહેતા થતા પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠેલી જોવા મળી રહી છે.વલસાડ શહેરમાં આજે વરસાદ વરસ્યો હતો. જેને પગલે રોડ રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. જેને પગલે વાહનોની રફતાર ધીમી પડી હતી. જ્યારે લોકોને પણ છત્રીનો સહારો લેવો પડ્યો હતો.

ધોધમાર વરસાદના કારણે યાત્રાધામ પાવાગઢમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે. ડુંગર ઉપર વાદળો ઉતરી આવ્યાં હતા. ત્યારે આ રમણીય દૃશ્યોને જોવા માટે પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. સતત વરસાદના કારણે ડુંગર ઉપર સ્વર્ગ જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

આજે સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીમાં રાજ્યના ૨૫ તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ધરમપુરમાં ૩૫ ખખ,કપરાડામાં ૩૧ ખખ, ડોલવણમાં ૩૦ ખખ, વાઘઈ ૨૭ ખખ, વાંસદા ૨૫ ખખ સહિત અન્ય તાલુકામાં પણ હળવો વરસાદ વરસ્યો છે.

## આગામી બજેટમાં બચત ખાતાનું રૂા.૨૫ હજાર સુધીનું વ્યાજ કરમુકત થાય તેવી સંભાવના

### બજેટમાં બેન્ક થાપણ વધારવા આમ આદમીને પ્રોત્સાહન અપાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



કેન્દ્ર સરકાર સંભવીત પણે માસાંતે રજુ થનારા બજેટમાં આમ આદમીથી માંડીને ઉદ્યોગક્ષેત્ર સહીતનાં વર્ગોને રાહતો મળવાની અટકળો વ્યકત થઈ રહી છે. નાના વર્ગોને રાહત આપવા માટે સરકાર બચત ખાતાનાં રોકાણમાં મળતા રૂા.૨૫૦૦૦ સુધીના વ્યાજને મુકત બનાવે તેવી સંભાવના છે. નાણામંત્રાલય સાથેની બેઠકમાં ખુદ બેંક પ્રતિનિધિઓએ જ આ દરખાસ્ત કરી હતી.

કેન્દ્રીય નાણા વિભાગનાં એક સીનીયર અધિકારીએ કહ્યું કે દરખાસ્ત વિચારણા હેઠળ છે. ઉપરાંત બેંકોને પણ થોડી છુટછાટો મળી શકે છે. થાપણ વધારવા માટે બેંકોએ પણ છુટછાટો માંગી છે.

કેન્દ્ર સરકારે ૨૦૨૦ ના બજેટમાં ઈન્કમટેકસનું વૈકલ્પિક કરમાળખુ પણ જાહેર કર્યું હતું તેમાં કરમુકિતની ઉંચી મર્યાદા સામે છુટછાટો રદ કરવામાં આવી હતી. જુની પદ્ધતિમાં જ સામેલ કરદાતાઓને આવકવેરા કાયદાની કલમ ૮૦ ટીટીએ હેઠળ બચત ખાતામાંથી મળતુ ૧૦,૦૦૦ સુધીનુ વ્યાજ કરમુકત છે.

જયારે ૬૦ વર્ષથી વધુની વયના સીનીયર સીટીઝનને ૫૦,૦૦૦ સુધીનું વ્યાજ કરમૂકત છે. ફીકસ્ડ ડીપોઝીટમાં મળતા વ્યાજનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે. નવી કર પદ્ધતિ હેઠળ આ લાભ મળતો નથી.

આવકવેરા કાયદાની કલમ ૧૦ (૧૫) (આઈ) હેઠળ કરદાતાઓને પોસ્ટ ઓફીસના વ્યકિતગત બચત ખાતામાં રૂા.૩૫૦૦ તથા સંયુકત બેંક ખાતામાં રૂા.૭૦૦૦ સુધીનાં વ્યાજમાં કરમુકિતનો લાભ મળે છે. બેંક પ્રતિનિધિઓ દ્વારા આવકવેરાના બન્ને માળખામાં એક સમાન લાભ આપવાનો અભિપ્રાય દર્શાવ્યો હતો.

## ઓગષ્ટ સુધીમાં મોદી સરકારનું પતનઃ બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ યાદવની ભવિષ્યવાણી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



આરજેડીના વડા અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ યાદવે પાર્ટીના સ્થાપના દિને કાર્યકર્તાઓને સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બિહારના મુખ્યમંત્રી નીતીશ સરકાર પર આકરા હુમલા કર્યા હતા. આ ઉપરાંત તેજસ્વી યાદવે પણ પુલો ધરાશાયી, પેપર લીક, રેલવે અકસ્માતોનો મુદ્દે ચગાવી સરકાર પર નિશાન સાધ્યું હતું.

આ દરમિયાન લાલુ યાદવે ગઉઅ સરકારને લઈ મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે, 'દિલ્હીમાં મોદી સરકાર ખુબ જ નબળી છે. આ સરકાર ઓગસ્ટ સુધીમાં પડી શકે છે. હું તમામ કાર્યકર્તાઓને કહું છું કે, તેઓ ચૂંટણી માટે તૈયાર રહે, ચૂંટણી કોઈપણ સમયે યોજાઈ શકે છે.'

આરજેડીના સ્થાપના દિવસ સમારોહમાં તેજસ્વી યાદવે ભાજપ અને નીતીશ કુમાર પર શાબ્દિક પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, 'સત્તાની લાલચુ જનતાદળ યુનાઈટેડે પોતાની વિચારધારા સાથે સમજૂતી કરી છે, જોકે આરજેડી જ એકમાત્ર એવી પાર્ટી છે, જેને પોતાની વિચારધારા સાથે પણ સમજૂતી કરી નથી અને ભાજપ સામે ઘૂંટણીએ પણ પડી નથી.'

તેજસ્વીએ કહ્યું કે, સત્તામાં રહેવું કોઈ મોટી વાત નથી. અમે ગરીબો અને વંચિતો માટે લડી રહ્યા છીએ. લોકસભા ચૂંટણીમાં અમારો વોટ શેર ૯ ટકા વધ્યો છે, જ્યારે એનડીએના વોટ શેરમાં ૬ ટકાનો ઘટાડો થયો છે. આરજેડીએ ચાર બેઠકો જીતી છે. અમે વધુ બેઠકો જીતી શકતા હતા, જોકે અમારા ગઠબંધને ચૂંટણીમાં નવ બેઠકો જીતી છે.

તેજસ્વીએ બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારની સરકારની ટીકા કરી કહ્યું કે, 'લોકો કહે છે કે, ડબલ એન્જીનની સરકાર છે. લગભગ ૨૦ દિવસની અંદર એક ડઝનથી વધુ પુલો ધરાશાયી થયા, ઘણા રેલવે અકસ્માતો થયા, રાજ્યમાં ગુનાઓ વધી ગયા છે, પેપર લીક થઈ રહ્યા છે... તેમ છતાં ડબલ એન્જીનની સરકાર આ મુદ્દાઓ પર કંઈપણ બોલવા માટે તૈયાર નથી.'

## પાણી વહી ગયા પછી પાળઃ NEETની પરીક્ષામાં કોઈ ગરબડ ન થાય માટે સરકારે બનાવ્યો પ્લાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**




NEET પરિક્ષા વિવાદ પછી લાંબા સમય રાહ જોયા બાદ આખરે NEET-PG પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવી છે. નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન ઇન મેડિકલ સાઇન્સએ જાણકારી આપી છે કે, આ વખતની NEET-PG પરીક્ષા ૧૧ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ કરવામા આવશે. આ પરીક્ષા એક જ દિવસમાં બે શિફ્ટમાં યોજાશે. અગાઉ ગત પરીક્ષામાં ગરબડ થયાની આશંકાથી પરીક્ષાના ૧૨ કલાક પહેલા જ આ પરીક્ષાને રદ કરી દેવામાં આવી હતી. આ વખતે કોઇ સમસ્યા ન થાય તે માટે સરકારે માસ્ટર પ્લાન બનાવ્યો છે. આ વખતે ગૃહ મંત્રાલય સાયબર સેલ સાથે મળીને પરીક્ષાની સુરક્ષાની વ્યવસ્થા કરશે.

NEET-PG પરીક્ષા શિફ્ટ અંગે બાદમાં જાણકારી આપવામાં આવશે. જે ઉમેદવાર આ વર્ષની પરીક્ષામાં સામેલ થવા જઇ રહ્યા છે. તેઓ પરીક્ષા અંગેના નવા અપડેટ્સ માટે natboard.edu.in વિઝિટ કરી શકે છે. કટ-ઓફ ડેટમાં ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ જ નક્કી કરવામાં આવી છે તેમાં કોઇ ફેરફાર કરાયો નથી.

આ વખતની NEET-PG પરીક્ષા હવે ગુહ મંત્રાલયની દેખરેખમાં યોજાશે. પેપર લીક જેવી સમસ્યાઓથી બચવા માટે પરીક્ષાના બે કલાક પહેલા પેપર તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય ઘણી સરકારી એજન્સીઓ કોઇ ગરબડ ન થાય તે જોવાનું કામ કરશે. આ અંગે ગૃહ મંત્રાલયની સાઇબર સેલ અને ટાટા કન્સલ્ટન્સી સાથે મિટીંગ પણ યોજાઇ હતી અને પરીક્ષાની સુરક્ષા માટે મજબુત આયોજન કરવામાં આવ્યું છે.

આ વખતની NEET-PG પરીક્ષામાં પેપર પેટર્ન પણ બદલવામાં આવ્યો છે. પરીક્ષાના થોડાક દિવસો પહેલા જ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પરીક્ષાને સમયમર્યાદામાં પણ બાંધવામાં આવ્યો છે . આ નિર્ણય પણ સુરક્ષાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે.

હવે પેપર મલ્ટીપલ ટાઇમ બાઉન્ડ સેક્શનમાં વહેંચવામાં આવશે. જેમ કે, પાંચ સેક્શન છે તો દરેક સેક્શન માટે ૪૨ મિનીટનો ટાઇમ આપવામાં આવશે જેમાં ૪૦ સવાલ પુછવામાં આવશે. નવા નિયમ મુજબ જ્યાં સુધી એક સેક્શન પૂરો નહી થાય એટલે કે નક્કી કરાયેલા સમય પૂર્ણ નહી થાય ત્યાં સુધી નવો સેક્શન આપવામાં આવશે નહી. એકવાર અપાયેલો સમય પૂર્ણ થઇ જાય તે પછી કેન્ડિડેટ ન તો પોતાના લખેલા જવાબ જોઇ શકશે કે ન તેમા કોઇ ફેરફાર કરી શકશે.કેન્ડિડેટે પરીક્ષા શરૂ થવાના ઓછામાં ઓછા ૧.૫ કલાક પહેલા કેન્દ્ર પર હાજર થવું પડશે. અગાઉ પરીક્ષાનો સમય સવારે ૯ થી બપોરે ૧૨:૩૦ વાગ્યાનો હતો. જો કે, આ વખતની શિફ્ટનો સમય થોડા દિવસમાં જાહેર કરવામાં આવશે.

કોઇપણ પ્રકારનો ઇલેક્ટ્રોનિક ડિવાઇસ પોતાની સાથે ના લઇ જશો. સાથે-સાથે કોઇપણ પ્રકારની કોપી કે પુસ્તક પણ પોતાની સાથે ના લઇ જશો.

પોતાની સાથે એડમિટ કાર્ડ તેમજ વેલિડ ફોટો આઇડી અવશ્ય લઇ જજો. નવા એડમિટ કાર્ડ ફરી જાહેર થઇ શકે છે. અપડેટ્સ જાણવા માટે natboard.edu.in વેબસાઇટની મૂલાકાત લેતા રહેજો.

# વાંકાનેર પોલીસે બાઈક પર જોખમી સ્ટંટ કરતા યુવકને ઝડપી લઈ કાયદાનું ભાન કરાવ્યું



**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર બાઉન્ડ્રી નેશનલ હાઇવે ઉપર જોખમી રીતે બાઈક સ્ટંટ કરતા ઈસમનો વીડિયો વાઇરલ થતા વીડિયોમાં નજરે પડતા યુવકને વાંકાનેર સીટી પોલીસ દ્વારા ગણતરીની કલાકોમાં ઝડપી લઇ કાયદાનુ ભાન કરાવ્યું હતું.

વાંકાનેર સીટી પોલીસ વિસ્તારમાં બાઉન્ડ્રી-વાંકાનેર-મોરબી નેશનલ હાઈવે ઉપર જોખમી રીતે બાઈક સ્ટંટ કરતા ઈસમનો વિડીયો વાયરલ થયેલ હોય જેથી વાંકાનેર વિભાગ નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ.સારડા માર્ગદર્શન હેઠળ વાંકાનેર સીટી પોલીસ મથકના પીઆઈ એચ.વી.ઘેલા તથા પોલીસ મથક ટીમ દ્વારા વાયરલ થયેલ વિડીયોના માલીકને શોધી જોખમી રીતે બાઈકનો સ્ટંટ કરતા ઈરફાનભાઈ મકબુલશા શાહમદાર ઉવ.૨૧ રહે. તીથવા તા.વાંકાનેરને ઝડપી લઇ, પકડાયેલ આરોપી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આમ વાંકાનેર સીટી પોલીસ મથક ટીમ દ્વારા ગણતરીની કલાકોમાં જોખમી રીતે બાઈક સ્ટંટ કરતા આરોપીને પકડી પાડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# જામનગરમાંથી બુલેટની ઉઠાંતરી કરનાર શખ્સ બે ચોરાઉ બાઈક સાથે ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના રાજ પાર્કમાંથી બુલેટ મોટરસાયકલની ચોરી થઈ હતી. જેની તપાસમાં એલસીબીએ નાગેશ્વર પાર્કમાં એક શખ્સના મકાનમાંથી ચોરાઉ બુલેટ તથા મોરબીમાંથી ચોરાયેલા બાઈકને કબ્જે કર્યા છે. એક શખ્સની અટકાયત કરાઈ છે.



જામનગરના રાજપાર્ક વિસ્તારમાં રહેતા એક શિક્ષકનું જીજે-૧૦-સીસી ૮૧૮૭ નંબરનું બુલેટ મોટરસાયકલ ચોરાઈ ગયાની પોલીસમાં ફરિયાદ કરાયા પછી એલસીબીના સ્ટાફ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલિંગમાં દિલીપ તલાવડીયા, હિતેન્દ્રસિંહ, કાસમ બ્લોચને બાતમી મળી હતી કે, નાગેશ્વર પાસે નાગેશ્વર પાર્કમાં રહેતા રોહિત મનાભાઈ બારીયાના મકાનમાં બે ચોરાઉ વાહન પડ્યા છે.તે બાતમીના આધારે દોડી ગયેલી એલસીબીએ ત્યાંથી જીજે-૧૦-સીસી ૮૧૮૭ નંબરના બુલેટ અને નંબર પ્લેટ વગરનું હોન્ડા કંપનીનું મોટર સાયકલ કબ્જે કર્યું હતું. તે બંને વાહન અંગે રોહીત બારીયાની પૂછપરછ કરાતા તેણે બુલેટ રાજપાર્કમાંથી અને હીરો બાઈક મોરબીમાંથી ચોર્યાની કબૂલાત કરી છે. એલસીબીએ રૂ. ૧ લાખના બંને વાહન કબ્જે કરી આરોપીનો કબજો સિટી બી ડિવિઝન પોલીસને સોંપ્યો છે.

# મોરબીના ભરતનગર ગામે યુવકને ચોર સમજી માર મારી હત્યા નીપજાવનાર બે આરોપીની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ભરતનગર ગામે ગત તા. ૨૮/૦૬ના રોજ રાત્રીના ગામમાં શંકાસ્પદ હાલતમાં આંટાફેરા મારતા પરપ્રાંતીય જેવા દેખાતા અજાણ્યા યુવકને ચોર સમજી ગામ લોકો દ્વારા પૂછતાછ કરી ગામમાંથી જતા રહેવાનું કહ્યું હતું તે દરમિયાન ગામમાં રહેતા બે શખ્સો દ્વારા મૃતક યુવાન સાથે ઝપાઝપી કરતા ભાગવા ગયેલ અજાણ્યો યુવાન પડી જતા તેનું મૃત્યુ નિપજ્યું હતું. ત્યારે હાલ બંને આરોપીની મોરબી તાલુકા પોલીસ ટીમ દ્વારા અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



મળતી માહિતી અનુસાર મોરબી તાલુકાના ભરતનગર ગામે ગઇ તા.૨૮/૦૬ના રોજ રાત્રીના આશરે આઠેક વાગ્યાથી મરણજનાર અજાણ્યો યુવક સોમનાથ મહાદેવ હોટલ સામે આવેલ પાર્કિંગમાં પાર્ક કરેલ ટ્રક નીચે છુપાયેલ હોય ત્યાંથી આરોપી ગુંજારીયા વેલજીયા સસ્તીયાએ અજાણ્યા યુવકને ચોર સમજી પાર્કિંગમાંથી બહાર કાઢતા તે ભરતનગર ગામ તરફ આવ્યો હતો. ત્યારે ગ્રામજનો ભેગા થયેલ અને મૃતકની પુછપરછ કરતા કાંઇ બોલતો ન હોય જેથી તેને ગામમાંથી જતા રહેવા કહેવા છતા મૃતક યુવાન ભરતનગર ગામની શેરીમાં આંટાફેરા કરતો હોય તે દરમ્યાન ભરતનગર ગામની શેરીમાંથી મરણજનારને હાઇવે રોડ ઉપર રોયલ વે-બ્રિજ સામે લાવી પોલીસને ટેલીફોનથી જાણ કરી હતી. જે બાબતે મૃતક યુવાન ત્યાંથી ભાગવા જતા રોયલ વે-બ્રિજની પાસે ભરતનગર ગામની શેરીમાં જવાના રસ્તે આર.સી.સી. રોડ ઉપર પડી જતા મૃતક અજાણ્યા યુવકને માથાના ભાગે ઇજા પહોંચી હતી. ત્યારે ગામમાં જ રહેતા આરોપી ગુંજારીયા વેલજીયા જુગડાભાઇ સસ્તીયા તથા આનંદભાઇ વિઠલભાઇ ભુવા આ મરણજનાર સાથે ઝપાઝપી કરી હતી બાદ પોલીસ ટીમ આવતા મૃતક યુવકને માથાના ભાગે ઇજાનું જણાતા તેને માથામાં ઇજા થયેલાનુ જણાતા મોરબી સરકારી હોસ્પિટલમાં લઇ જવાતા દરમ્યાન રસ્તામાં જ મરણજનારને આંચકી આવતા ઇમરજન્સી ૧૦૮ મારફતે સિવીલ હોસ્પિટલ મોરબી ખાતે સારવારમાં મોકલતા ત્યાં મરણજનારની પ્રાથમિક સારવાર કરી માથામાં ગંભીર ઇજા હોવાના કારણે વધુ સારવાર અર્થે સિવીલ હોસ્પિટલ રાજકોટ ખાતે ખસેડતા સિવીલ હોસ્પિટલ રાજકોટ ખાતે સારવારમાં અજાણ્યા યુવકનું મોત નીપજતાં બનાવ હત્યામાં પરિણમ્યો હતો. ત્યારે હાલ હત્યા નીપજાવનાર બંને આરોપી ગુંજારીયા વેલજીયા જુગડાભાઇ સસ્તીયા ઉવ-૩૦ રહે. હાલ-ભરતનગર તા.જી.મોરબી મુળ રહે.બીલજરી તા.સોંધવા જી.અલીરાજપુર મધ્યપ્રદેશ તથા બીજો આરોપી આનંદભાઇ વિઠલભાઇ ભુવા ઉવ.૨૫ રહે. ભરતનગરવાળાની મોરબી તાલુકા પોલીસ ટીમે ધરપકડ કરી બંને સામે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વધુમાં પોલીસ તપાસ દરમ્યાન મરણજનારની લાશની ઓળખ થયેલ ન હોય લાશની ઓળખ માટે ભરતનગર ગામની આજુબાજુમાં રહેતા તથા કામધંધો કરતા ઇસમોની પુછપરછ કરવામાં આવેલ છે તેમજ સોશ્યલ મિડીયાના માધ્યમથી પણ જાહેરાત કરવામાં આવી છે તેમજ મરણજનાર પરપ્રાંતિય જણાતા અલગ-અલગ રાજ્યમાં પણ તેની જાહેરાત કરી હોય પરંતુ હજુ અજાણ્યા યુવકની ઓળખ થઈ નથી. હાલ મોરબી તાલુકા પોલીસ દ્વારા મૃતક અજાણ્યા યુવકની ઓળખ મેળવવા પ્રયત્નો ચાલુ છે.

# ઉપલેટાના ખાખીજાળીયા ગામે નવનિર્માણ પામી રહેલ આંગણવાડી શરૂ થાય તે પહેલાં જ વરસાદે ભ્રષ્ટાચારની પોલ ખોલી નાંખી

## વરસાદથી પાણી ટપકતું હોય તેવા દ્રશ્યો સામે આવતા સ્થાનિકોએ દ્વારા ભ્રષ્ટ્રાચારના આક્ષેપો લગાવાયા

**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

**ઉપલેટા:** ઉપલેટા તાલુકાના બીજા નંબરના સૌથી મોટા ગામ એવા ખાખીજાળીયા ગામે નવનિર્માણ પામી રહેલી આંગણવાડીના બિલ્ડિંગમાં આંગણવાડીનું કામ પૂર્ણ થાય અને નવી આંગણવાડી શરૂ થાય તે પહેલા જ વરસાદ આવતાની સાથે નબળી કામગીરીની પોલ છતી થઈ ગઈ હોવાનું સામે આવ્યું છે. ખાખીજાળીયા ગામમાં નવનિર્માણ પામી રહેલી આ આંગણવાડી કેન્દ્રના ઈમારતમાં ભ્રષ્ટાચાર થયો હોય અને નબળી ગુણવત્તા તેમજ હલકુ કામ કરવામાં આવ્યું હોવાના સ્થાનિકો દ્વારા આક્ષેપ લગાવવામાં આવ્યા છે.







અહીંયા જોવા મળેલ દ્રશ્યો અને વાસ્તવિક સ્થિતિ પરથી પણ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે અને કહી શકાય છે કે અહીંયા આંગણવાડી શરૂ થાય તે પહેલા જ ચોમાસાના વરસાદે તંત્ર અને જવાબદાર એજન્સી દ્વારા કરવામાં આવેલી કામગીરીનું નબળું પરિણામ ચોક્કસપણે દેખાઈ રહ્યું છે. અહીંયા પહેલા જ વરસાદની અંદર વરસાદ આવ્યા બાદ અહીં આંગણવાડીમાં પાણી ટપકતું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા છે ત્યારે ખાખી જાળીયા ગામના લોકો માટે અને તેમની સુખાકારી માટે બની રહેલ આ આંગણવાડીમાં નબળું અને હલકું કામ થયું હોય તેવું સામે આવ્યું છે જેથી સ્થાનિકો દ્વારા અહીંયા બની રહેલી આંગણવાડીની કાયદેસરની કામગીરી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

આ અંગે ઉપલેટા તાલુકા પંચાયતના સદસ્ય અને સ્થાનિક રહેવાસી એવા ભરતભાઈ સુવાએ જણાવ્યું છે કે, ખાખી જાળિયા બની રહેલ આંગણવાડીમા જે છે તે સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યું છે. ભ્રષ્ટાચાર થયો છે તે પણ અહીં સ્પષ્ટ રીતે દેખાય છે ત્યારે આ પ્રકારના ભ્રષ્ટાચાર થતા હોય ત્યારે સરકાર દ્વારા આવડી મોટી ગ્રાન્ટો ફાળવવામાં આવી હોય તો આ પૈસાનો દૂર ઉપયોગ થાય છે અથવા કોઈ મળતીયાઓ આ પૈસાનો ભ્રષ્ટાચાર કરે છે. જે મળતીયાઓ આવો ભ્રષ્ટાચાર કરતા હોય અને જેમને આ પ્રકારનો ભ્રષ્ટાચાર કર્યો હોય તેમની ઉપર કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ અને આજે નબળી ગુણવત્તાનું કામ કરવામાં આવ્યું છે તે કામ વ્યવસ્થિત કરવો જોઈએ કારણ કે અહીંયા બાળકોનું ભવિષ્ય છે.

વધુમાં જણાવ્યું છે કે, અત્યારે જ જો બાળકીના ભવિષ્ય સાથે આ પ્રકારની ચેડા થાય તો સામાન્ય નાગરિક આમ માટે શું કરે કારણ કે આવી કામગીરી થતી હોય તો લોકોનું સાંભળે કોણ ? કોઈ સાંભળશે નહીં તો આ બાળકોનું ભવિષ્ય ક્યાં જઈને ઊભું રહેશે ? આ બાળકો કઈ લાઈન પર જઈને ઉભા રહેશે તેના માટે આ બાબતમાં જે કોઈ અધિકારી કે પદાધિકારી કે જેમની અંડરમાં આ કામ આવતું હોય તે તમામ દ્વારા આ બાબતને ગંભીરતાથી જોવે અને તેમના ઉપર એક્શન લેવામાં આવે અને તે અંગેની યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે અને સાથે જ આ બાબતમાં જે કોઈ જવાબદાર હોય તેમના બીલો તાત્કાલિક અસરથી અટકાવી દેવા જોઈએ તેવું જણાવ્યું હતું.

ઉપલેટા તાલુકાના આ ખાખીજાળીયા ગામમાં નવનિર્માણ પામી રહેલી આંગણવાડીના બીજા પણ વિવાદો ખૂલે તેવી શક્યતાઓ સામે આવી રહી છે પરંતુ હાલ તો ચોમાસામાં પહેલા પડેલા વરસાદે નવનિર્માણ પામી રહેલી અને આંગણવાડી શરૂ થાય તે પહેલા જ જે તે જવાબદાર એજન્સી તંત્ર દ્વારા કેવા પ્રકારનું કામ અને પરિણામ આવશે તેની ઝલક ચોક્કસપણે દેખાડી દીધી છે ત્યારે આવતા ભવિષ્યમાં આ આંગણવાડી કેન્દ્રમાં કોઈ મોટી દુર્ઘટના કે વરસાદના પાણી કે અન્ય કોઈપણ ઋતુમાં સમસ્યા કે અકસ્માત સર્જાશે તો બાળકોના ભવિષ્યનો શું થશે તેવી ચિંતાઓ સાથે સ્થાનિકો દ્વારા મીડિયા સમક્ષ વ્યથા ઠાલવી અને આ મામલે તાત્કાલિક અસરથી યોગ્ય અને કડક કાર્યવાહી કરી જવાબદારો સામે તાત્કાલિક પગલાં લેવામાં આવે અને લોકોના સુખાકારી માટે બની રહેલી આંગણવાડીનું પુનઃ યોગ્ય રીતે કામ કરવામાં આવે તેવી માંગ કરી છે.

# જસદણમાં વિંછીયા રોડ પર ઘટાટોપ વૃક્ષ પડતાં બે મહિલાઓને થઈ સામાન્ય ઈજા

## જાનહાની ટળી, એક સાઈડના રસ્તા પર વાહનવ્યવહાર અટકી ગયો





**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળિયા**

**જસદણ:** જસદણમાં વિંછીયા રોડ પર આવેલ સુવિધાપથ પર અચાનક એક ઘટાટોપ વૃક્ષ ધરાશાયી થયું હતું અને મુખ્ય માર્ગ પર પડ્યું હતું. જ્યારે આ વૃક્ષ ધરાશાયી થયું ત્યારે રોડ પરથી પસાર થતા મોપેડ સ્કૂટર પર આ વૃક્ષ અચાનક પડ્યું હતું અને સ્કૂટરમાં સવાર બે મહિલાઓને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. બાદમાં બન્ને ઈજાગ્રસ્ત મહિલાઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જો કે આ બનાવમાં કોઈ જાનહાની ન થતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ બનાવમાં વૃક્ષ સીધું મોપેડ સ્કૂટર ઉપર પડતા સ્કૂટરને નુકસાન પહોંચ્યું હતું. આ વૃક્ષ જસદણ-અમદાવાદને જોડતા મુખ્ય માર્ગ પર પડતા રોડની એક સાઈડનો વાહનવ્યવહાર અટકી ગયો હતો અને આ રોડ પર વૃક્ષ પડવાના કારણે ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા. આ ઘટનાની જાણ થતા સેવાભાવી લોકો દોડી આવ્યા હતા અને રોડની વચ્ચે પડેલા વૃક્ષને હટાવવાની કામગીરી હાથ ધરી હતી.

# ઉપલેટામાં કોલેરાના સંભવિત કેસ બાદ મોટાભાગના વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથ ધરાઈ

## આરોગ્યતંત્ર દ્વારા શહેર અને તાલુકામાં ચાર દિવસમાં ૭૧,૫૧૮ લોકોના આરોગ્યની તપાસ કરાઈ

**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

ઉપલેટામાં ગત ૨૨ જૂન ૨૦૨૪૫ થી તણસવા કારખાના વિસ્તારમાં શંકાસ્પદ કોલેરાના કેસો તથા મૃત્યુ થયા હોવાની બાબત સામે આવી હતી જેના પગલે ઉપલેટા તાલુકા હેલ્થ ઓફિસના તાબા હેઠળના કર્મચારીઓ તથા જામકંડોરણા અને ધોરાજી તાલુકાના આરોગ્ય કર્મચારીઓને ડેપ્યુટેશન કરીને ૪૫ જેટલી ટીમો બનાવવામાં આવી હતી. આ ટીમો દ્વારા તણસવાના કારખાના વિસ્તારની તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોની તપાસ હાથ ધરી હતી જેમાં ઉપલેટાના તણસવા, વરજાંગજાળીયા, નીલાખા, મેરવદર, મેખાટીંબી, નાગવદર, ગણોદ તથા ઇસરા અને મૂરખડાના કારખાના વિસ્તારની સાથે સાથે ઉપલેટા શહેરના વોર્ડ એકથી નવ જેટલા વિસ્તારની અંદર કોલેરા અંતર્ગત સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સાથે જાગૃતતા માટે પત્રિકા વિતરણ કરાવી અને જૂથ ચર્ચાઓ દ્વારા આરોગ્ય શિક્ષણ આપવાની પણ





કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ઉપલેટા માટે બનાવાયેલ વિવિધ ટીમો દ્વારા કુલ ૭૧,૫૧૮ જેટલા લોકોનું પાંચ દિવસમાં સ્ક્રિનિંગ કરાયું હતું. આ સાથે જ તણસવાના કારખાના વિસ્તારમાં આવતા વિસ્તાર સિવાયના ગ્રામ્ય વિસ્તારો અને શહેરી વિસ્તારની અંદર કોલેરાનો વર્તમાન સમયની અંદર એક પણ શંકાસ્પદ કેસ જોવા નથી મળ્યો જેને પગલે આરોગ્ય તંત્ર દ્વારા રાહતનો શ્વાસ લેવાયો છે અને શહેર અને તાલુકા પરથી એક ચિંતાનો વિષય હળવો થયો છે.

ગત ૨૨ જૂન ૨૦૨૪ થી આજદિન સુધીમાં તણસવાના કારખાના વિસ્તારમાં કુલ પાંચ જેટલી મેડિકલ ટીમ દિવસ અને રાત સતત ખડે પગે રહીને આરોગ્ય લક્ષી કામગીરી કરી રહી છે અને આ કામગીરીમાં ૩૬૬ જેટલા પરપ્રાંતીય મજૂરોનું કોલેરાના સર્વેની કામગીરી તથા સ્થળ પર જ સારવાર આપવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સાથે જ જરૂર પડીએ એમ્બ્યુલન્સ મારફત રેફરલ એક્ટિવિટી પણ કરવામાં આવી રહી છે અને આરોગ્ય શિક્ષણ જેવી એક્ટિવિટી પણ વર્તમાન સમયમાં ચાલી રહી છે.

ઉપલેટાના તણસવા કારખાના વિસ્તારમાં છેલ્લે ૨૫ જૂન ૨૦૨૪ ના રોજ મળેલ એક શંકાસ્પદ કેસ હતો તે બાદ આજદિન સુધી એટલે કે એક અઠવાડિયુ થયું હોવા છતાં પણ એક પણ કોલેરાનો શંકાસ્પદ કેસ જોવા નથી મળ્યો ત્યારે વર્તમાન સમયની અંદર પરિસ્થિતિ કાબુમાં હોય તેવું આરોગ્ય વિભાગ તરફથી જણાવ્યું છે. હાલ આ મામલાની અંદર જરૂર જણાય તે માટે ૨૪ કલાક ટિમ અને આરોગ્ય તંત્ર તૈનાત છે અને કામગીરી કરવા માટેની તમામ તૈયારીઓથી સજ્જ છે તેવું પણ ઉપલેટા તાલુકા હેલ્થ ઓફિસ વિભાગમાંથી જણાવવામાં આવ્યું છે.

# રક્તદાન પર્વઃવિંછીયા ગામ મહારક્તદાન કેમ્પ યોજાયો, ૧૫૧ બોટલ રક્ત એકત્રિત કરાયું

## સ્વર્ગસ્થની પુણ્યતિથી નિમિત્તે મહારક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું





**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળીયા**

**જસદણ:** વિંછીયા ગામ સમસ્ત અને સ્વ. જયંતીલાલ લક્ષ્મીચંદ બગડીયાની પુણ્યતિથી નિમિત્તે તેમજ માલતીબેન જયંતીલાલ બગડીયા, નેહાબેન રૂપેશકુમાર બગડીયાના જન્મદિવસ નિમિત્તે વિંછીયામાં દેરાવાસી જૈન સમાજની વાડી ખાતે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિંછીયા અને આજુબાજુના વિસ્તારના તમામ રકતદાતાઓએ ખોબલે ખોબલે રકતનું દાન કરી કુલ ૧૫૧ જેટલી રક્તની બોટલો દાનમાં આપી હતી. આ કાર્યક્રમની શરૂઆતમાં પરમ પૂજ્ય મહંત શ્રી કનૈયાગીરી બાપુ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમગ્ર ડોનેશન કેમ્પને ખુલ્લો મુકવામાં આવેલો હતો. જેમાં ગામના અગ્રણીઓ, વિંછીયા સિવિલ કોર્ટના ન્યાયાધીશ કે.એન.જોશી, સાહેબ વિંછીયા મામલતદાર આર.કે.પંચાલ, વિંછીયા ગામના વેપારી આગેવાનો અનિલભાઈ બરછા, બીપીનભાઈ જસાણી, વિનોદભાઈ વાલાણી, પોપટભાઈ ગીગાણી, કિશોરસિંહ ગોહિલ, સલીમભાઈ રૂપાણી, ડો. હિતેશભાઈ ગોહિલ અને વિંછીયા તાલુકા આરોગ્યનો સમગ્ર સ્ટાફ તેમજ ગ્રામજનોએ ખૂબ મહેનત કરીને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ખૂબ જ મદદ કરી હતી. વિંછીયા ખાતે રક્તદાનની પ્રવૃત્તિનો પાયો લોકડાઉન સમયમાં નાખવામાં આવ્યો હતો. ત્યારે વિંછીયા ખાતે ૧૪ મો રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આજદિન સુધીમાં વિંછીયા ગામમાં કુલ ૧૪ રક્તદાન કેમ્પ યોજાયા છે અને ૨૧૦૦ જેટલી રક્તની બોટલો દાનમાં આવેલ છે. ભવિષ્યમાં પણ આવી પ્રવૃત્તિમાં સાથ સહકાર આપો તેવી અપેક્ષા આયોજકો દ્વારા કરવામાં આવેલ હતી. વિંછીયા ગામના આગેવાનો અને સમગ્ર રક્તદાતાઓનો આયોજકો દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શુભાંગભાઈ બરછા, ધાર્મિકભાઈ રાઠોડ, પરેશભાઈ કટેશીયા, વિક્રમસિંહ ગોહિલ વગેરેએ ખૂબ જ મહેનત કરી હતી અને આ કાર્યક્રમને ખૂબ સારી એવી સફળતા અપાવી હતી. આ તકે તમામ રક્તદાતાઓને રૂપેશભાઈ બગડીયા તરફથી અને રેડક્રોસ બ્લડ બેન્ક તરફથી પ્રોત્સાહન રૂપે એક-એક ભેટ આપવામાં આવી હતી.

# મોરબી સાયબર ક્રાઇમ પોલીસ મથકના પોલીસ કોન્સ્ટેબલની હેડ પોલીસ કોન્સ્ટેબલ તરીકે બઢતી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરજ બજાવતા અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ નિર્મળસિંહ જાડેજાની સરાહનીય કામગીરી બદલ મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા રાજ્ય સરકારના ગૃહ વિભાગના નિયમો અનુસાર અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે.



મોરબી સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરજ બજાવી રહેલા અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ નિર્મળસિંહ રામસિંહ જાડેજા અગાઉ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં તથા મોરબી જીલ્લા પોલીસની મુખ્ય વિભાગીય ડી- સ્ટાફમાં, ક્રાઇમ બ્રાંચમાં પોતાની ફરજ દરમિયાન ઉમદા કાર્યશૈલી વડે મિલકત વિરુદ્ધના ગુનાઓ, ઘરફોડ ચોરી, બાઈક ચોરી, લૂટારી રીક્ષા ગેંગ તથા ચેઈન ચીલ ઝડપ કરતા ગુનેગારોને ઝડપી લીધા હોય જે સરાહનીય કામગીરી કરવા બદલ ગૃહરાજ્યના નિયમોનુસાર નિર્મળસિંહ જાડેજાને મોરબી જીલ્લા પોલીસવડા દ્વારા બઢતી આપવામાં આવી છે. મોરબી જીલ્લા સાયબર પોલીસ મથકમાં અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા નિર્મળસિંહને અનાર્મ હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવતા પરિવાર તથા સગાવ્હાલા તેમજ મિત્રમંડળમાં હર્ષની લાગણી પ્રસરી જવા પામી છે અને ચોમેરથી શુભેચ્છા વર્ષા થઈ રહી છે. ત્યારે મોરબી મુખ્ય સમાચાર ટીમ દ્વારા નિર્મળસિંહને મળેલ બઢતી બદલ ખુબ ખુબ શુભકામના પાઠવવામાં આવે છે.

# સાળંગપુર ખાતે ભાજપની કારોબારીમાં મંત્રી કુંવરજી બાવળીયાએ ઉપસ્થિત રહી સંગઠનાત્મક માર્ગદર્શન મેળવ્યું





**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણ:** જસદણ વિંછીયા ના ધારાસભ્ય અને રાજ્ય સરકારના કેબિનેટ મિનિસ્ટર કુંવરજીભાઈ બાવળીયા એ કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ અધ્યક્ષ પાટીલ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ રત્નાકર જી સહિત શીર્ષ નેતૃત્વની અધ્યક્ષતામાં સાળંગપુર ખાતે યોજાયેલ ગુજરાત પ્રદેશ ભાજપની કારોબારી મિટિંગમાં ઉપસ્થિત રહી સંગઠનાત્મક માર્ગદર્શન મેળવ્યું હતું શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના પાવન સાનિધ્યમાં સાળંગપુર ખાતે કેન્દ્રીય મંત્રી અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલજી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આયોજિત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીની કારોબારી બેઠકમાં જસદણ વિછીયા ના જાગૃત ધારાસભ્ય અને ગુજરાત સરકારના લોક પ્રહરી કેબિનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળીયા ઉપસ્થિત રહી મહાનુભાવોનું સંગઠનલક્ષી માર્ગદર્શન મેળવ્યું હતુ.આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફિયા રાજકોટના સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલા સહિત પ્રદેશના સૌ આગેવાનો, હોદ્દેદારો, પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપરાંત જસદણ વિછીયા શહેર તાલુકા ભાજપના પ્રમુખ મહામંત્રી રાજકોટ જિલ્લા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

## અવસાન નોંધ

મોરબી : અન્નપુર્ણાબેન ગૌતમભાઈ નિમાવત તે ગૌતમભાઈના ધર્મપત્ની તેમજ મનીષભાઈ અને ઉમેશભાઈના માતા તથા સત્યમ, શિવમ અને મૈત્રીકના દાદીમાં તારીખ ૦૪-૦૭-૨૦૨૪ ના રોજ રામચરણ પામેલ છે સદગતનું બેસણું તા. ૦૮-૦૭-૨૦૨૪ ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે પંચમુખી હનુમાન મંદિર, ઉમા સ્કૂલ સામે, ધરમપુર રોડ મોરબી ખાતે રાખેલ છે

# માળીયા મિયાણાના અંજીયાસર ગામે પતિની હત્યા કરનાર પત્ની અને સાળાની ધરપકડ

## સગી પુત્રી પર નજર બગાડતા પતિને પત્ની અને સાળાએ ખાવામાં ઘેનના ટીકડા ખવડાવી ગળાટૂંપો આપી મોતને ઘાટ ઉતાર્યો'તો

**મુખ્ય સમાચાર, મોરબી**


માળીયા મિયાણા તાલુકાના જુના અંજીયાસર ગામે સગી દીકરી ઉપર નજર બગાડતા પતિને તેની જ પત્ની અને સાળાએ સાથે મળી પહેલા બેભાન કરી બાદમાં ગળે ટૂંપો આપી મોતને ઘાટ ઉતારી લાશ તલાવડીમાં ફેંકી દીધાના પ્રકરણમાં પોલીસે આરોપી પત્ની અને સાળાની ધરપકડ કરી છે.



આ અંગેની માહિતી મુજબ માળીયા મિયાણા તાલુકાના અંજીયાસર ગામે રહેતા હાજીભાઈ અબ્દુલભાઈ મોવર ઉ.૫૫ નામના આધેડે ગળામાં ચૂંદડી બાંધી ચૂંદડીનો બીજો છેડો બાઈકના એન્ગલમાં બાંધેલ હાલતમાં તલાવડીમા ડૂબી ગયેલ હાલતમાં મળી આવતા આ શંકાસ્પદ બનાવ અંગે માળીયા મિયાણા પોલીસે અકસ્માતે મૃત્યુ અંગે નોંધ કરી મૃતદેહને એફએસએલ અને પેનલ પીએમ માટે રાજકોટ ખસેડી તપાસ શરૂ કરતા સ્ફોટક વિગતો બહાર આવી હતી. જેમાં મૃતકને તેની જ પત્ની અને સાળાએ પહેલા ચા અને બાદમાં શાકમાં બેભાન થવાના ટિકડા નાખી બાદમાં ગળે ટૂંપો આપી મોતને ઘાટ ઉતાર્યાનું સામે આવતા મૃતક હાજીભાઈ અબ્દુલભાઈ મોવરના પુત્ર સાહિલ હાજીભાઈ મોવર ઉ.૨૩ રહે. જુના અંજીયાસર વાળાની ફરિયાદને આધારે આરોપી પત્ની શેરબાનું હાજીભાઈ મોવર અને માળિયાના જૂની ખીરઇ ગામે રહેતા સાળા ઈમરાન હૈદરભાઈ ખોડ વિરુદ્ધ ગુન્હો નોંધી પોલીસે તેને પકડી પાડ્યા છે.

# શહેરમાં પોલીસની ધાક ઓશરી: સરાજાહેર લુખ્ખા તત્વો બન્યા બેફામ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કોમ્બિંગ નાઇટ, વાહન ચેકિંગ સહિતની ડ્રાઇવ પોલીસ દ્વારા કરવામાં આવે છે પરંતુ આ તમામ માત્ર દેખાવ પૂરતું જ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે, લોકો સરાજાહેર હથિયારો સાથે નીકળે છે, હિચકારા હુમલાની ઘટના સામાન્ય બની છે, શનિવારે વધુ એક વીડિયો ફરતો થયો હતો જેમાં માલવિયાનગર પોલીસ સ્ટેશનના વિસ્તારમાં બે શખ્સો ચા-પાનની દુકાને ધમાલ શરૂ કરે છે, લાલ ટી-શર્ટધારી શખ્સ એક વ્યક્તિને દુકાનની અંદર ઘુસીને ધમકાવે છે, ગાળો ભાંડે છે અને પેન્ટના નેફામાંથી છરી કાઢી યુવકના ગળા પર છરી રાખવાની કોશિશ કરે છે, છરીધારી અને તેનો સાગરીત પંદરેક મિનિટ સુધી ધમાલ કરે છે પરંતુ તેને ટપારવાની હિંમત કોઇ કરી શકતું નથી, આ બંને નશાખોર હાલતમાં હોવાનું ત્યાં હાજર લોકોમાં ચર્ચાતું હતું, વીડિયો ફરતો થતાં પોલીસે શોધખોળ શરૂ કરી છે, પોલીસ આ બંનેને શોધી પણ લેશે પરંતુ આવા તત્વોની લુખ્ખાગીરી હંમેશા માટે બંધ થાય અને શહેરીજનો સલામત થાય તેવું નક્કર આયોજન પોલીસ પાસે નથી.

સરાજાહેર મારામારી કર્યાની ઘટના સોશિયલ મિડિયામાં વાયરલ થતાં પોલીસ સફાળી જાગી હતી. જેમાં એસ.ટી. વર્કશોપ પાછળ આંબેડકરનગરમાં રહેતા અને કૃષ્ણનગર મેઈન રોડ પર ગુરૂપ્રસાદ ચોક પાસે મોબાઈલની દુકાન ચલાવતાં ગૌતમભાઈ ધનજીભાઈ વરણ નામના અનુજાતિ યુવાને લુખ્ખાગીરી કરનાર મીત સુધીર રાજ્યગુરૂ અને રાહુલ પ્રભાત સબાડ વિરૂધ્ધ માલવિયાનગર પોલીસમાં એટ્રોસિટી એક્ટ મુજબ ફરિયાદ નોંધાવી છે. જયારે કૃષ્ણનગર મેઈન રોડ પર દુકાન ચલાવતાં મીતરાજભાઈ ચંદુભાઈ ચૌહાણ નામના દુકાનદારે આ બંને લુખ્ખાઓ વિરૂધ્ધ વધુ એક ગુનો નોંધાવ્યો છે.

# ગવરીદળ ગામે ૧૭ વર્ષની સગીરાનું હૃદયરોગના હુમલાથી અવસાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવાના ગવરીદળમાં ૧૭ વર્ષની સગીરાનું હાર્ટએટેકથી મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. માહિતી મુજબ ગવરીદળમાં રહેતી પાયલબેન ચંદુભાઈ ગજેરા (ઉ.વ.૧૭) સવારે ઘરે હતી ત્યારે તેણી વાસણ સાફ કરવા બેઠી હતી. બાદમાં ઉભા થતી વખતે એકાએક છાતીમાં દુ:ખાવો ઉપડતાં ઢળી પડી હતી. જેથી સારવાર માટે પરિવારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ અહિ તબિબે તપાસી મૃત



જાહેર કરી હાર્ટ એટેક આવ્યાનું જણાવતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, કેતનભાઈ નિકોલા, ભાવેશભાઈ, તોફિકભાઇએ કુવાડવા રોડ પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો. અને તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃત્યુ પામનાર પાયલબેન એક ભાઇ અને એક બહેનમાં મોટી હતી. તેના પિતા ખેતી કરી ગુજરાન ચલાવે છે. હાલ દિકરીના મૃત્યુથી ગજેરા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

# પડધરીના ફતેપર ગામના પ્રૌઢ પાસે વ્યાજખોરે મકાન લખાવી લીધુ

## ધોરાજીમાં પગાર લેવા ગયેલા ટ્રક ચાલક પર માલીક સહિત ત્રણનો હુમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

પડધરી તાલુકાના ફતેપર ગામ રહેતા પ્રૌઢ પાસે વ્યાજખોરે વધુ નાણા પડાવવા પઠાણી ઉઘરાણી કરી મકાન લખાવી લેતા ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ પડધરીના ફતેપર ગામે રહેતા કાનજીભાઈ માધાભાઈ ડોબરીયા નામના પટેલ પ્રૌઢે અગાઉ પડધરીમાં રહેતો અફજલ ઉર્ફે બટુક ઈકબાલ મકરાણી પાસેથી ત્રણ વર્ષ પહેલા દવાખાનાના કામ માટે એક લાખ રૂપિયા ૧૦ ટકાના વ્યાજે લીધા હતા. જે વ્યાજ સહિત રકમ આ શખ્સને ચૂકવી દીધી હોય છતાં વધુ વ્યાજના નાણા પડાવવા પઠાણી ઉઘરાણી કરી બળજબરીથી મકાન લખાવી લઈ ત્રણ કોરા ચેકમાં સહી કરાવી લીધાની ફરિયાદ નોંધાવતા પડધરી પોલીસના એએસઆઈ બી.એમ.જાડેજાએ વ્યાજખોર અફજલ ઉર્ફે બટુક સામે ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

જ્યારે એક બનાવમાં ધોરાજીમાં રબારી વાડામાં રહેતો અને ટ્રકનું ડ્રાઈવિંગ કરતો યુસુફઅલી મહમદભાઈ ઠેબા નામનો યુવાન પગારના પૈસા લેવા રાધાનગરમાં રહેતા ટ્રકના માલીક રીયાઝ રફીક જુણેજા પાસે ગયો હતો ત્યારે રીયાઝ તેની પત્ની અને તેની દીકરીએ ઝઘડો કરી બેઝબોલના ધોકા વડે મારમારતા ધોરાજી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# પીપળીયા ગામે છ વર્ષથી ધમધમતી નકલી શાળા અંતે ઝડપાઈ: દંપતિ સામે કાર્યવાહી

## એક વિદ્યાર્થીને સ્કુલ લીવીંગ સર્ટી નહીં આપતા શિક્ષણ વિભાગે તપાસ કરતા નકલી સ્કૂલનો ભાંડો ફુટયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા પિપળિયા ગામમાં બોગસ સ્કૂલ ઝડપી લેવામાં આવી છે. એક વિદ્યાર્થીને સ્કૂલ દ્વારા લિવિંગ સર્ટિફિકેટ આપવામાં ન આવતા તપાસમાં સમગ્ર ઘટસ્ફોટ થયો હતો. રાજ્યના શિક્ષણ વિભાગની માન્યતા વિના સ્કૂલ ધમધમતી હોવાનું સામે આવ્યું છે.

જેમાં શિક્ષણ વિભાગની માન્યતા વિના ધોરણ ૧થી ૧૦ના વિદ્યાર્થીઓને ભણાવવામાં આવતા હતા. જો કે, હાલ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા સ્કૂલને સીલ કરવામાં આવી છે અને પોલીસ ફરિયાદ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તપાસ દરમિયાન રાજકોટ શહેરની ત્રણ ખાનગી સ્કૂલના લિવિંગ સર્ટિફિકેટ પણ મળી આવ્યા છે. જો કે, આ ત્રણ સ્કૂલ કઈ છે તે હજુ જાહેર




થયું નથી.

રાજકોટના ઇન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિમલ ગઢવીએ જણાવ્યું હતું કે, રાજકોટ તાલુકાના પિપળિયા ગામમાં નવીનનગરમાં આવેલી પ્રાઈમરી સ્કૂલમાં એક વિદ્યાર્થીને લિવિંગ સર્ટિફિકેટ આપતા ન હતા. આ પ્રકારની ફરિયાદ તાલુકા પ્રમુખ કેતનભાઈ કથીરિયા દ્વારા મળી હતી. જેથી આજે તપાસ માટે ત્યા પહોંચ્યા હતા. જે દરમિયાન સામે આવ્યું કે, શિક્ષણ વિભાગની માન્યતા વિના વર્ષ ૨૦૧૮થી અત્યારસુધી એટલે કે છ વર્ષથી બોગસ સ્કૂલ ધમધમતી હતી. સ્કૂલના સંચાલકો પાસે કોઈપણ પ્રકારના ડોક્યુમેન્ટ જ નથી.

વધુમાં જણાવ્યું હતું કે, કાત્યાયનીબેન તિવારી અને સંદીપ તિવારી બોગસ સ્કૂલ ચલાવતા હતા. જેથી તેમની સામે અમે પોલીસ ફરિયાદ દાખલ કરી રહ્યા છીએ અને હાલ સ્કૂલને સીલ કરવામાં આવી છે. આ સ્કૂલમાં જ્યારે તપાસ કરવામાં આવી તો આ સમયે સ્કૂલમાં ભણતા ૩૩ વિદ્યાર્થીઓ મળી આવ્યા છે. આ સાથે જ રાજકોટ શહેરની ત્રણ ખાનગી સ્કૂલના લિવિંગ સર્ટિફિકેટ પણ મળી આવ્યા છે. પરંતુ તે ત્રણેય સ્કૂલ કઈ છે એ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. જો કે, અહીં સવાલ એ છે કે, છેલ્લા છ વર્ષથી બોગસ સ્કૂલ ધમધમતી હતી તો શિક્ષણ વિભાગનું ધ્યાને શા માટે ન ગયું?

# ખીરસરાના ગુરૂકુળના દુષ્કર્મના ગુનામાં સ્વામીના આગોતરા જામીન મંજુર

## ધરપકડ કરાયેલા મેનેજરે રેગ્યુલર જામીન અરજી કરતા કોર્ટે રદ કરી

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

ઉપલેટા તાલુકાના ખીરસરા ગુરૂકુળ દુષ્કર્મ પ્રકરણમાં જેતપુરના મહેરબાન એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ લીલાભાઈ ચુડાસમાએ નારાયણસ્વરૂપદાસ સ્વામીની આગોતરા જામીન અરજી મંજૂર કરેલી છે ૧ જ્યારે સંસ્થાના મેનેજર મયુર કાસોદરિયાની રેગ્યુલર જામીન અરજી પણ રદ કરેલી છે.

આ બાબતે જેતપુરના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ લીલા ચુડાસમા સમક્ષ બે જામીન અરજીઓ મૂકવામાં આવેલી હતી જેમાં મેનેજર મયુર કાસોદરિયાની ધરપકડ થઈ ગઈ છે ત્યારે આ બાબતમાં તેમની રેગ્યુલર જામીન અરજી કરવામાં આવી હતી આ સાથે નારાયણસ્વરૂપદાસ સ્વામીની આગોતરા જામીન અરજી કોર્ટ સમક્ષ મૂકવામાં આવી હતી.




અદાલતે તપાસ કરનાર અધિકારીના સોગંદનામાં રજૂ થયેલા વીડિયો ક્લિપ અને તપાસના કાગળ જોતા મેનેજર મયુર કાંસોદરિયા ભોગ બનનાર મહિલાને તેડવા મુકવા તથા અન્ય વ્યવસ્થા કરવા ગયેલા હોય તથા ગર્ભપાત વખતે દવાઓ આપવા પણ ગયેલા હોય તે હકીકતને દલીલને ધ્યાને લઈ અને મેનેજર મયુર કાસોદરિયાની રેગ્યુલર જામીન અરજી રદ કરેલી છે. આ સાથે સ્વામિનારાયણસ્વરૂપદાસ સામે ભોગ બનનારના કોઈ વિશેષ આક્ષેપો નથી અને બનાવ વખતે તેમની હાજરી નથી કે તપાસના કાગળો ઉપરથી બનાવમાં તેમનું કોઈ ઈન્વોલ્વમેન્ટ પ્રાઈમાફેસી દેખાતું નથી ત્યારે આ હકીકતને ધ્યાનમાં લઈને તપાસના કામે સ્વામી નારાયણસ્વરૂપદાસની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની કોઈ જરૂરિયાત પ્રાઈમ ફેસી જણાતી નથી તેવું તવુ હું માર માનીને સ્વામી નારાયણસ્વરૂપદાસના આગોતરા જામીન મંજૂર કરેલા છે જ્યારે મયુર કાંસોદરિયાના રેગ્યુલર જામીન અરજીને કોર્ટે ના મંજૂર કરી છે. આ બાબતમાં ફરી વખત પોલીસની કામગીરીઓ ઉપર અને તપાસની કામગીરીઓ ઉપર શંકાઓ ઉદ્દભવી રહી છે અને સાથે આ બાબતમાં યોગ્ય અને કડકાઈ રીતે કાર્યવાહી ન થતી હોય તેવી પણ ચર્ચાઓ શરૂ થઈ છે. આ બનાવમાં એવા ભૂતકાળની અંદર પણ પોલીસ ફરિયાદ નોંધાઈ અને માહિતીઓ છુપાવવમાં આવી રહી હતી ત્યારથી જ પોલીસની કામગીરી ઉપર લોકોએ શંકા ઊભી કરી હતી તેમ પુન: કોર્ટ કાર્યવાહીમાં અને અન્ય તપાસની કામગીરીમાં પણ પોલીસની ઢીલી નીતિ ચાલતી હોય તેવા તેવી લોકમુખે ચર્ચા ચાલી રહી છે.

# કલેકટર કચેરીમાં ૧૨ જુલાઈએ લેન્ડ ગ્રેબિંગ કમીટીની બેઠક યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર જિલ્લામાં સરકારી અને ખાનગી જમીનો પચાવી પાડવાના બનાવો વધી રહ્યા છે ત્યારે કિંમતી જમીનો હડપ કરી જતાં ભુમાફીયાઓ સામે જિલ્લા કલેકટર પ્રભવ જોષીએ રીતસરની ઝુંબેશ ઉપાડી છે ત્યારે બીજી બાજુ - ખાનગી જમીનો પચાવી પાડવાના બનાવો અટકાવવા માટે મહિનામાં બે વખત લેન્ડગ્રેબીગ - કમીટીની બેઠક બોલાવવામાં આવે છે જેમાં આવી -અરજીઓના પુરાવાની તુલના કરી ગુના દાખલ - કરવામાં આવે છે. જેમાં આગામી તા.૧૨ જુલાઈના રોજ ફરી એક વખત લેન્ડગ્રેબીંગ કમીટીની બેઠક મળવા જઈ રહી છે. રાજકોટ શહેર અને જિલ્લામાં ખાનગી જમીનોમાં થતા કૌભાંડો અટકાવવા માટે રાજ્ય સરકારે લેન્ડગ્રેબીંગનો કાયદો અમલમાં મુક્યો છે જેમાં જિલ્લા કલેકટર દ્વારા લેન્ડગ્રેબીંગની અરજીઓમાં પુરાવાની તુલના કરી ગુના દાખલ કરવામાં આવે છે. રાજકોટ શહેર જિલ્લામાં લેન્ડગ્રેબીંગના ગુનાનો ગ્રાફ સતત વધી રહ્યો છે અને લેન્ડગ્રેબીંગ હેઠળ દર મહિને ૧૦૦ થી વધુ રજીઓ આવી રહી છે. લોકસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ જિલ્લા કલેકટરે લેન્ડગ્રેબીંગની પેન્ડીંગ અરજીઓનો નિકાલ કર્યા બાદ વધુ ૫૦ જેટલી અરજીઓ ઓનલાઈન મળતાં આ અંગે પ્રાંત અધિકારી અને પોલીસ અધિકારીઓ પાસેથી તપાસના અહેવાલ મંગાવી આગામી તા.૧૨ જુલાઈના રોજ લેન્ડગ્રેબીંગ કમીટીની બેઠક બોલાવી છે જેમાં આ અરજીઓમાં રહેલા પુરાવાની તુલના કરી ગુના દાખલ કરવા કે કેમ ? તે અંગેનો નિર્ણય લેવામાં આવશે.

# સામાકાંઠે સગીરાને પ્રેમઝાળમાં ફસાવી વિધર્મી શખ્સે દોઢ વર્ષ શારીરિક શોષણ કર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ઉપલાકાંઠા વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની સગીરાને દોઢેક વર્ષથી પ્રેમજાળમાં ફસાવી વિધર્મી યુવકે અનેક વખત દુષ્કર્મ આચર્યું હતું, પોલીસે આરોપીને ઝડપી લઇ તપાસ આગળ ધપાવી હતી. ઉપલાકાંઠા વિસ્તારમાં રહેતી ૫૧ વર્ષની મહિલાએ તેની ૧૭ વર્ષની પુત્રી સાથે દુષ્કર્મ થયાની ફરિયાદ બી.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી, જેમાં આરોપી તરીકે પાંજરાપોળ પાસે રહેતા અમન ઇમરાન શાહમદારનું નામ આપ્યું હતું. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેની ૧૭ વર્ષની પુત્રી બે દિવસ પૂર્વે પોતાના ઘરેથી નીકળી ગઈ હતી, પરિવારજનોએ તેની અનેક સ્થળે શોધખોળ કરી હતી અને બીજા દિવસે સગીરા પોતાના ઘરે આવી પહોંચી હતી. સગીરાએ તેની માતા સમક્ષ કહ્યુ હતું કે, અમન શાહમદારે તેને દોઢેક વર્ષથી પ્રેમસંબંધમાં ફસાવી હતી અને અવાર નવાર ઘરે આવીને બળજબરીથી શરીર સંબંધ બાંધતો હતો, બીજીબાજુ સગીરાના પરિવારજનોએ સગીરાના સગપણ માટે મુરતીયો શોધવાનું શરૂ કર્યું હતું અને અમન પણ પ્રેમજાળમાં ફસાવીને શારીરિક અત્યાચાર કરતો હોવાનું લાગતા સગીરા પોતાના ઘરેથી જતી રહી હતી, સગીરાની માતાની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધી અમન શાહમદારને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# કોઠારિયા રોડ પર નંદા હોલ પાસે વીજ શોક લાગતા યુવાનનું મોત

## આશાસ્પદ બેંક કર્મી. યુવાનનું મોત થતા પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ પર નંદાહોલ પાસે આવેલી ખોડિયાર સોસાયટીમાં રહેતો ૩૧ વર્ષીય યુવક પોતાના ઘરે પાણીની ઈલેકટ્રીક મોટર એક જગ્યાએથી બીજી જગ્યાએ મૂકતો હતો. ત્યારે તે સમયે તેને વીજ કરંટ લાગતા મોત નીપજયું હતું.

આ અંગે મળતી વિગત મુજબમ નંદાહોલ પાસે આવેલી ખોડિયાર સોસાયટીમાં રહેતો અને રાજેશ અરવિંદભાઈ બારડ (ઉ.વ.૩૧) ગઈકાલ સવારે નવ વાગ્યા આસપાસ પોતાના ઘરે હતો ત્યારે પાણીની ઈલેકટ્રીક મોટર એક જગ્યાએથી બીજી જગ્યાએ મુકવા માટે રાજેશે પ્રથમ મોટરની સ્વીચ બંધ કરી હતી. પરંતુ પ્લગ હજુ વીજ બોર્ડમાં જ હતો. જેના લીધે કોઈ કારણોસર તેને વીજ કરંટ લાગ્યો હતો. અને તેનું મોત થયું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે, મૃતક રાજેશના હજુ ? વર્ષે પહેલા જ લગ્ન થયા હતા. અને તે કોટક બેંકમાં નોકરી કરતો હતો. બે ભાઈ અને એક બહેનમાં મોટો હતો. જ્યારે પરિવારે ઘરના આધાર સ્તંભ સમાન યુવાન પુત્ર ગુમાવતા અરેરાટી મચી જવા પામી છે.



# બદકામ કરવાના ઈરાદે બે સગીરાને ભગાડી જનાર શખ્સને ઝડપી લેતી મુંબઈ પોલીસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં દિન-પ્રતિદીન સગીરાના અપહરણના બનાવો પ્રકાશમાં આવતા હોય છે.આવારા તત્વો લલચાવી બદકામ કરવાના ઈરાદે પરિવારના કબ્જામાંથી ભગાડી જતાં ના બનાવો પોલીસ ચોપડે નોંધાતા હોય છે. ત્યારે વધુ એક બનાવમાં શહેરના રૈયાધાર વિસ્તારમાં રહેતા એક પરિવારની બે સગીરાના અપહરણ અંગેની ફરીયાદ પોલીસ ચોંપડે નોંધાઈ છે.


આ બનાવની વિગત મુજબ પરિવારનું દંપતિ ગત.તા.૪ના નાનાભાઈ ને રેલ્વે સ્ટેશન મુકવા ગયેલ ત્યારે૧૨ વર્ષ ૧૧ મહીના ૫ દિવસ તેમજ ૧૧ વર્ષ ૨ મહીના ૩ દિવસની બે સગીર દિકરીઓ ઘરે હતી.પરત ઘરે આવી જોતાં બન્ને સગીરા ન જોવા મળતાં દંપતિએ શોધખોળ શરૂ કરી હતી.પરંતુ કોઈ ભાળ ન મળતા યુનિ.પોલીસમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.દરમ્યાન આઝમગઢનો શખસ ભગાડી મુંબઈ લઈ જતાં મુંબઈ પોલીસે શખસ અને તેની સાથે બે સગીરાને ઝડપી લઈ લેતા રાજકોટ યુની.પોલીસની ટીમ કબ્જો લેવા રાજકોટથી રવાના થઈ હતી.

# જનાના હોસ્પિટલમાં બેદરકારીના કારણે નવજાત બાળકનું મોત

## નર્સિંગ સ્ટુડન્ટે બાળકને નાસ લેવાની દવા ઈન્જેક્શનમાં આપી દેતા બાળકનું મોત થયાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ અને સૌરાષ્ટ્રની જનતા માટે રૂપિયા ૧૨૫ કરોડના ખર્ચે બનેલી જનાના હોસ્પિટલ અનેક વાર વિવાદમાં સપડાઈ છે. તૈયારે વધુ એક વાર હોસ્પિટલના બાળકનું બેદરકારીના કારણે મોત થયાનું સામે આવતા ચકચાર મચી જવા પામી છે.



રાજકોટની જનાના હોસ્પિટલમાં સારવારમાં રહેલ નવજાત બાળકને આજે નર્સિંગ સ્ટુડન્ટે નાસ લેવા માટેની દવા મશીનમાં આપવાના બદલે ઈન્જેક્શનમાં ભરી બાળકને ઈન્જેક્શન આપી દેતા બાળકની હાલત ગંભીર બની હતી. સારવાર દરમિયાન બાળકનું મૃત્યુ થતા પરિવારજનોએ બેદરકારીનો આક્ષેપ કરતા વધુ એકવાર જનાના હોસ્પિટલ વિવાદમાં આવી છે.